જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૧૮ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૩૮૦ લીટર દેશી દારૂ, ૯૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૧,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૬૯/૧૮**

**વસ્ત્રાપુર : (૧)** ભાવેશભાઇ મુળજીભાઈ પટેલ (ઉ.વ.૩૧)(રહે,શિવશક્તિ સોસાયટી ધીરજ હાઉસીગ હરીપુરા મણીનગર પૂર્વ) એ તા.૬/૪/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓગષ્ટ/૨૦૧૫ થી સપ્ટેમ્બર/૨૦૧૬ દરમ્યાન વસ્ત્રાપુર કલ્યાણ ટાવર આલ્ફાવન મોલ સામે આરોપી (૧) કમલેશ દેવચંદભાઈ પટેલ (૨) પુનમબેન કમલેશભાઇ પટેલ (બંને રહે,કલ્યાણ ટાવર આલ્ફાવન મોલ સામે વસ્ત્રાપુર) ભેગામળી ભાવેશભાઇ ને વર્ક વીઝા આપવાનુ કહી, તેઓ પાસેથી રૂપીયા ૬,૫૦,૦૦૦/- મેળવી લઇ, ભાવેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વસ્ત્રાપુર : (૨)** કાન્તીલાલ સોમાભાઇ પંચાલ (ઉ.વ.૫૭)(રહે,સ્તવન એમ્પલ વાડીલાલ ગોડાઉન પાછળ ગોતા) એ તા.૬/૪/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૦ થી તા.૨૪/૦૯/૨૦૧૩ સુધીના સમયગાળા દરમ્યાન હિમાલયા મોલની સામે સનરાઇઝ પાર્ક ઇન્દ્રપ્રસ્થ ટાવર ખાતે સ્ટર્લીંગ ગ્રીનવુડ લીકંપની ના એમ.ડી. તરીકે કાર્યરત અંકીત માથુરને કંપનીનો વહીવટ વિશ્વાસથી સોંપવામા આવેલ, જે વિશ્વાસનો દુરપયોગ કરી પોતાના અંગત ફાયદા સારૂ સ્ટર્લીંગ ગ્રીનવુડ લીના એકાઉન્ટ માંથી કુલ રૂપિયા ૨૪,૯૯,૦૦૦/- ચુકવી આરોપી (૧) અંકીત કૃણાલભાઇ માથુર (૨) મીતા કૃણાલભાઇ માથુર (બંને રહે, ગ્રીનપાર્ક એક્ષટેન્સન ન્યુ દિલ્હી) નાઓએ ઉપરોક્ત જમીનો પોતાના નામેથી ખરીદ કરી, રજીસ્ટર દસ્તાવેજ બનાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એસ.આર.ગામીત ચલાવે છે.

**આનંદનગર :** આશિષભાઇ પરમેશ્વરલાલ બાગડા (ઉ.વ.૩૬)(રહે,પામ મિડોશ એપાર્ટમેન્ટ મકરબા રોડ વેજલપુર) એ તા.૬/૪/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગઇ તા.૧૮/૦૩/૧૮ બપોરના ૦૨/૩૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ આનંદનગર રોડ ટાઇટેનીયમ સીટી સેન્ટર ખાતે આરોપી સેહજાદઅલી મોહમદઅલી શાહ (રહે,અમ્ભોઝ વાડી, પુનર્વસન ન્યુ બાર રેકર માલવાની આકાશવાણી મલાડ વેસ્ટ મુંબઇ (મહારાષ્ટ્ર) એ આશિષભાઇની કંપનીમા સેલ્ફ ડ્રાઇવીંગ રેન્ટ પેટે ઇનોવા ક્રિસ્ટા નંબર જીજે.૦૧.ઇ.ટી.૨૧૫૧ કિંમત રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- મતાની બે દિવસનુ કહીને લઇ જઇ, આજદિન સુધી પરત આવેલ ન હોય અને કારની GPS સીસ્ટમ કાઢી નાંખી અથવા ફેંકી દઇ સપર્ક વિહોણા થઇ જઇ, આશિષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૭૦/૧૮**

**વેજલપુર :** ઇન્દ્રજીતસિહ હરીસિહ પરમાર (ઉ.વ.૪૭)(રહે,અલકાપાર્ક સોસાયટી, ડોન બોસ્કો સ્કુલ પાસે, વેજલપુર) એ તા.૬/૪/૧૮ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૪/૧૮ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે વેજલપુર શ્રીનંદનગર વિભાગ-૩ ખાતે આવેલ ઇન્દ્રજીતસિંહના મકાનના ધાબા પર થી જી.ટી.પી.એલ. બ્રોડબેંડ ના RJ6 ઇન્ટરનેટ કેબલ વાયર કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મત્તાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૬૭૧/૧૮**

**રામોલ :** પ્રકાશભાઇ લાલજીભાઇ પટેલ (રહે,પ્રેરણાપાર્ક સોસાયટી, ગોરના કુવા પાસે મણીનગર પુર્વ) એ તા.૬/૪/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૧૮ સાંજના ૭/૦૦ થી તા.૨૬/૦૩/૧૮ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રીંગ રોડ તુલસી ગેલેક્ષી નામની સાઇટ ઉપર પોતાની આઇવા ટ્રક નંબર જીજે.૧૮.એ.યુ.૮૦૬૪ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- મત્તાની પાર્ક કરી મુકી હતી જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૭૨/૧૮**

**"એ" ટ્રાફીક પોલીસ સ્ટેશન :** શ્યામસુંદર કેદરલાલ શર્મા (ઉ.વ.૬૦)(રહે.ગાયત્રીપાર્ક સોસાયટી, ભવનાથ સોસાયટીની બાજુમાં ચાણક્યપુરી ઘાટલોડીયા) એ "એ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૪/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે એક ઇકો ગાડી નંબર જીજે૦૧.આર.એન. ૬૩૧૯ ના ચાલક હરેશભાઇ ઓધવજી પઢીયાર (રહે.ગાયત્રીપાર્ક સોસાયટી, ભવનાથ સોસાયટીની બાજુમાં ચાણક્યપુરી ઘાટલોડીયા) એ પોતાના કબ્જાની ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, શ્યામસુંદર ના ઘર આગળ રમતા તેમના પૌત્ર હીતીક વિશાલભાઇ શર્મા (ઉ.વ. ૧૮ માસ) ને ટક્કર મારતાં, હીતીકને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.

**નરોડા :** મુકેશભાઇ પરમાનંદ આદવાણી (રહે, “સી” વોર્ડ પાણીની ટાંકી પાસે કુબેરનગર સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૪/૧૮ બપોરના ૨/૧૦ વાગ્યાના સુમારે એક ટ્રક નંબર જીજે.૯.ઝેડ.૬૫૭૦ ના ચાલકે પોતાના કબ્જાની ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી મુકેશભાઇના પિતા પરમાનંદ આતમદાસ આદવાણી (ઉ.વ.૫૫)ની સાયકલને નરોડા પાટીયા સર્કલ પાસે ટક્કર મારતા, પરમાનંદને શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને જીસી.એસ. હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પર ના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**<u>બ્લીચીંગનું પ્રવાહિ પી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૩/૧૮</u>**

**ઓઢવ :** યુવરાજ દિપકભાઇ દંતાણી (ઉ.વ.૧૫)(રહે,સુંદરસિહ ભંડારી ચાર માળિયા વેપારી મહામંડળ પાછળ સીંગરવા ઓઢવ) તા.૬/૪/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘરમા રમતા-રમતા રસોડામા એક બોટલમા મુકેલ બ્લીચીંગ પ્રવાહિ ભુલથી પી જતા, મોઢામાંથી ફીણ નીકળતા, સારવાર માટે તેને સીંગરવા સરકારી હોસ્પિટલમાં લાવતા, સારવાર દરમ્યાન સાંજનાં૫/૧૫ વાગે તેનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>પતરાના શેડ ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૪/૧૮</u>**

**નારોલ :** તુકારામ સીતારામ પવાર (ઉ.વ.૨૬)(રહે,ગામ: કડમાલ તા-આહવા જી-ડાંગ) તા.૧૪/3/૧૮ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે નારોલ જીંન્દાલ ટેક્ષટાઇલ કંપની ખાતે પતરાના શેડ ઉપર ચડી સોલર સીસ્ટમનુ કામ કરતી વખતે સિમેન્ટનુ પતરૂ તુટતા નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૪/૧૮ ના કલાક ૧૨/3૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ અમરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.